પરિપત્ર
તાત્કાલિક/ફેકસથી

નં.સસુખા/યજન/બકમ/૧૮-૧૯/ ૫૭૫
નિયામક,સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
બ્લોક નં.૧૬, ર્ડા જીવરાજ મહેતા ભવન,
જુના સચિવાલય,ગાંધીનગર.
તા.૧૮-૬-૨૦૧૮

વિષયઃ- જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓની કચેરીઓ રીનોવેટ કરવા બાબત.

નિયામક, સમાજ સુરક્ષા ખાતા સંચાલિત કુલ-૩૩ જીલ્લામાં જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓની કચેરીઓ કાર્યરત છે. આ જિલ્લાની કચેરીઓ જુદા જુદા સામાજિક અધિનિયમ હેઠળ સંકલાયેલી છે. જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓની કચેરીઓ સમાજના નબળા વર્ગો જેવા કે, વિકલાંગો, નિરાધાર અશકત વૃધ્ધો, નિરાધાર, ત્યજીદેવાયેલ, સાર સંભાળ અને રક્ષણની જરૂરિયાતવાળા તથા કાયદા સાથે સંઘર્ષમાં અને સંપર્કમાં આવેલા બાળકો વગેરેના આશ્રય, રક્ષણ, શિક્ષણ, તાલીમ અને પુનઃસ્થાપનની કામગીરી વિવિધ કાયદાઓ અન્વયે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની યોજનાઓ તથા સંસ્થાકીય તેમજ બિન સંસ્થાકીય સેવાઓ દ્વારા આર્થિક સહાય અને હૂંફ પૂરા પાડવાની કામગીરી તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પ્રશ્નોવાળી કુવારી માતા બનેલ મહિલા સાથે પ્રવેશ પામતા ૦ થી ૬ વર્ષની વયના બાળકો, અનાથ, ત્યજાયેલ, ખોવાયેલ, ઘરેથી નાશી ગયેલ, દુરાચારીનો ભોગ બનેલ, એઈડ્સથી પીડિત, કુદરતી / માનવ સર્જીત આફતોનો ભોગ બનેલ, ભિક્ષાવૃત્તિ કરતાં તેમજ ફોજદારી ધારા હેઠળ કાયદાના સંઘર્ષમાં આવતા ૦ થી ૧૮ વર્ષની વયના આવા બાળકોને આર્થિક, શારીરિક તથા શૈક્ષણિક હૂંફ પુરી પાડી સમાજના મુખ્ય પ્રવાહમાં ભેળવવાની કામગીરી કરવામાં આવે છે.

જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓની કચેરીઓમાં અધિકારી/કર્મચારીઓની કાર્યક્ષમતામાં વધારો થાય અને કામગીરીની અનુકૂલનતા જળવાય તે હેતુથી કોર્પોરેટ કચેરીઓ મુજબની બનાવવા તેમજ આ કચેરીઓને અધતન બનાવવાની તથા વહીવટી સંચાલન માટે આધુનિક ઉપકરણો સહિત કચેરીને સુસજ્જ બનાવવા જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓની કચેરીઓને રીનોવેટ કરવા માટે આપના જીલ્લાના કાર્યપાલક ઇજનેરશ્રી (માર્ગ અને મ) વિભાગનો રૂબરૂ સંપર્ક સાધી પ્લાન/એસ્ટીમેટ બનાવી વડી કચેરી ખાતે દરખાસ્ત મોકલી આપવા જણાવવામાં આવે છે.

વધુમાં મકાન બાંધકામ અંગેનું નવી બાબત માટેનું નાણાં વિભાગનું ચેકલીસ્ટ સબંધિત કાર્યપાલક ઇજનેરશ્રી (મા અને મ) વિભાગની કચેરી ખાતે ભરાવી તેમાં કાર્યપાલક ઇજનેરશ્રીના સહી/સિકકા કરાવી અત્રે તાત્કાલિક દરખાસ્ત કરવા જણાવવામાં આવે છે. જે કચેરીઓનું રીનોવેટ થઇ ગયેલ હોય તે કચેરી દ્વારા દરખાસ્ત કરવાની રહેતી નથી.

નાયબ નિયામક,
સમાજ સુરક્ષા ખાતુ,
ગુજરાત રાજય,ગાંધીનગર

પ્રતિ,
જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ,
તમામ...